# અરવલ્લીના એનએસયુઆઈ પ્રમુખ સહીત ૧૫૦ કાર્યકરો ભાજપમાં

## અરવલ્લી જિલ્લા કોંગ્રેસનો આંતરિક વિખવાદ કે બાપુ ઈફેક્ટ

અરવલ્લી, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસ મજબૂત હોવાના પોકળ દાવા વચ્ચે શનિવારે કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ.ના જિલ્લા પ્રમુખ સહીત ૧૫૦ એન.એસ.યુ.આઈ.ના કાર્યકરોએ ભાજપ કાર્યાલય ખાતે કેસરિયો ખેશ ધારણ કરી ભાજપમાં જોડાતા જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવી ગયો હતો. અરવલ્લી જિલ્લામાં શંકરસિંહ બાપુના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાએ સોમવારે જિલ્લા ભાજપ કાર્યાલયની ઓચિંતી મુલાકાત લીધા બાદ જિલ્લાના રાજકારણમાં કોંગ્રેસના ગઢમાં ગાબડું પડવાની દહેશત વચ્ચે આજે ૧૫૦ કોંગ્રેસી વિદ્યાર્થી પાંખના કાર્યકરો જોડાતા કોંગ્રેસે આંચકો અનુભવ્યો હતો.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં




આવેલા જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી અને જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતિમાં કોંગ્રેસની વિદ્યાર્થીની પાંખ એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ નીતિરાજસિંહ પુવાર સહીત ૧૫૦ કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. થોડા દિવસ પહેલા ગુજરાત કોંગ્રેસ દ્વારા વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવવા માટે કોંગી યુવા કાર્યકરો પર વિશ્વાસ જતાવ્યો હતો અને તેમની મુખ્ય ભૂમિકા રહેશે તેમ પ્રદેશ પ્રભારી અને રાજ્યના પ્રમુખ અને કોંગ્રેસના અગ્રણીયો દ્વારા સંમેલન યોજી બોલાવ્યું હતું. ત્યારે શનિવારે કોંગ્રેસમાં યુવા પાંખમાં ભાજપ દ્વારા ગાબડુ પડતા કોંગ્રેસ નબળી પડતી અને બોખલાયી ગયેલી નજરે પડી રહી છે.

ભાજપનો ખેશ ધારણ કરી એન.એસ.યુ.આઈ.ના પ્રમુખ નીતિરાજસિંહને કોંગ્રેસને અલવિદા કરવાનો અને ભાજપમાં જોડાવા અંગે પુછાતા જણાવ્યું હતું કે અરવલ્લી જિલ્લા કોંગ્રેસના આંતરિક વિખવાદ અને જૂથબંધીથી કંટાળી ભાજપમાં જિલ્લા સહીત ૧૫૦ કાર્યકરો સાથે આજે અમે ભાજપમાં પ્રવેશ કર્યો હતો.

# અરવલ્લી જિલ્લામાં ચોટલી કાંડનો સિલસિલો યથાવત

## મુલોજની મહિલાના વાળ કપાતા મહિલા બેભાન

અરવલ્લી, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં પણ ચોટલીકાંડનું ભૂત હાહાકાર મચાવી રહ્યું છે. જિલ્લાના મેઘરજ તાલુકામાં બે મહિલાઓની ચોટલી કાપવાનું કારણ હજુ અકબંધ છે. ત્યારે મોડાસાના મુલોજ ગામે શુક્રવારની રાત્રીએ ઘરની અંદર ઊંગતી મહિલાના માથાના આગળના વાળ અચાનક કપાતા બુમાબુમ કરી બેભાન થઈ જતા પરિવારજનો ફફડી ઉઠ્યા હતા અને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે મેઘરજ સરકારી દવાખાને ખસેડાતા મહિલાની સ્થિતિ ગંભીર જણાતા ખસેડાઈ હતી જ્યાં મહિલાને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયી હતી જ્યાં મહિલાને તબીબોએ સઘન સારવાર અપાતા મહિલા ભાનમાં આવી હતી.

અરવલ્લી જિલ્લામાં એકજ સપ્તાહમાં મેઘરજ તાલુકામાં ચોટલીકાંડની બે ઘટનાઓ અને મોડાસા તાલુકામાં એક મહિલા ચોટલી કાંડનો ભોગ બની હોવાની હકીકત બહાર આવતા જિલ્લામાં ચોટલી કાંડનો ખૌફથી મહિલાઓ સહીત પ્રજાજનો થર-થર કાંપી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં મેઘરજ તાલુકા અને મોડાસા



મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખસેડાઈ હતી. ચોટલી કાંડની ઘટનાથી મેઘરજ પોલીસ દવાખાને પહોંચી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. ચોટલી કાંડને નાથવામાં તંત્ર નિષ્ફળ નીવડતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં મહિલાઓ ચોટલીકાંડથી પારેવાની માફક ફફડી ઉઠી છે.

મોડાસા તાલુકાના મુલોજ ગામે સોસાયટી ફળિયામાં રહેતી સીતાબેન પુંજાભાઈ ખાંટ (ઉં. ૨૫) નામની મહિલા શુક્રવારે રાત્રીના સુમારે ઘરકામ પતાવી ઘરની અંદર ઊંઘી રહી હતી ત્યારે અચાનક તેના વાળ કોઈ ખેંચી રહ્યું એવો અહેસાસ થતા બુમાબમ કરી બેભાન બની જતા પરિવારજનો સફળ જાગી ઉઠ્યા હતા અને મહિલાને બેભાન પડેલી અને માથાના આગળના ભાગના વાળ કપાયેલા જોતા બેબાકળા બની ફફડી ઉઠ્યા હતા અને ચોટલીકાંડનો ભોગ બનેલી મહિલાને તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મેઘરજ સરકારી દવાખાને પંથકમાં ચોટલીકાંડને લઈને અલગ અલગ અફવાઓના પગલે મહિલાઓ ચિંતિત બની છે ત્યારે જવાબદાર તંત્ર અને પોલીસ તંત્ર આ ઘટનાને ગંભીરતાપૂર્વક ન લેતા ચોટલી કાંડની ઘટનાઓ આગામી સમયમાં ગ્રામ વિસ્તારોને સકંજામાં લે તે પહેલા ચોટલી કાંડનું ગુંચવાયેલું કોકડું ઝડપથી ઉકેલવામાં આવે તેવી જિલ્લાવાસીઓમાં માંગ ઉગ્ર બની છે .

જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ દ્વારા ચોટલી કાંડ અંગે વહીવટી તંત્ર અને પોલીસ તંત્રની અલગથી ટીમ બનાવી તપાસ હાથ ધરી સત્ય હકીકત બહાર લાવવામાં આવે તે ખુબ જ જરૂરી બન્યું છે.

# પાલનપુર શહેરમાં ઠેર-ઠેર સ્થળોએ વાજતે ગાજતે ગણેશજીની સ્થાપના

પાલનપુર શહેરમાં અનેક સ્થળો એ વાજતે ગાજતે ગણેશ ચર્તુથી ના દિવસે ગણેશજી ની સ્થાપના કરી ગણપતિ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું છે.પાલનપુર શહેર ના વીરબાઈગેટ માળીવાસ વિસ્તાર ખાતે દર વર્ષની



જેમ આ વર્ષે પણ 'માળીવાસ કે રાજા'ના મહોત્સવ માં ૫ દિવસ સુધી આનંદગરબા, સુંદરકાંડ , નાના ભૂલકાઓની વેશભૂષા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમ નું પણ આયોજન કરવામાં આવ્યું છે.ગતસાંજે આ વિસ્તારના સભ્યો દ્વારા પાલનપુર શહેર માં ગણપતિ દાદા ની મૂર્તિ ની શોભાયાત્રા નીકાળવામાં આવી હતી અને ગણપતિ બાપા મોરીયા ના નાદ ના ગુંજ સાથે ગણેશજી ની મૂર્તિ ની સ્થાપના કરવામાં આવી હતી.આ પ્રસંગે માળીવાસ ના રવિ પઢીયાર,તેજસ પઢીયાર,મુંજાલ પઢીયાર,હરેશ પઢીયાર,ધવલ પઢીયાર,બકુલભાઈ માળી સહીત સ્થાનિક લોકો અને ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુરમાં બે કોમ વચ્ચે તકરાર : ૪ ને ઈજા

પાલનપુરમાં બે કોમના લોકો વચ્ચે નજીવી બાબતે થયેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા જૂથ અથડામણ થઈ હતી. જેમાં ૪ લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ સાંપડ્યા છે. પાલનપુર ટેલિફોન એક્સચેન્જ પાસે બબાલ થઈ હતી. તલવાર અને ધોકા વડે થયેલા હુમલામાં ૪ યુવકો ઈજાગ્રસ્ત થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવને પગલે ખુદ એસ.પી પૂર્વ પોલીસ મથકે દોડી આવ્યા હતા.

અગાઉ જનતાનગરમાં બે કોમના યુવાનો વચ્ચે તકરાર થઈ હતી. જે તકરારની અદાવતને લઈને જૂથ અથડામણ થઈ હોવાના અહેવાલ મળ્યા છે. સામાન્ય નાસ્તા ની તકરાર મા બે કોમના યુવકો વચ્ચે બબાલ થઈ હતી. જેમાં



ઘાયલ (૧) આફતાબ ઈમરાન પરમાર ઉ.૧૯ રહે.કમાલપુરા, (૨) શાહરુખ નૂર મહમદ મલિક ઉ.૨૮ રહે. જનતા નગર (૩) અજરૂદ્દીન અલીહુસેન ચૌહાણ ઉ.૨૪ રહે.જનતા નગર, પાલનપુરને સારવાર માટે પાલનપુર સિવિલમાં ખસેડાયા હતા. ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં પોલીસ સ્ટેશને ઉમટી પડ્યા હતા.

# મટોડા ગામની દૂધ મંડળીમાં પંચાવન હજારની ચોરી

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામમાં શુક્રવાર રાત્રીના સમયે ચોર ઈસમો દૂધ મંડળીના તાળા તોડી રૂ. ૫૫ હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર મટોડા દૂધ ઉત્પાદક મંડળીના સેક્રેટરી શનિવાર સવારે ઘરે હતા તે સમયે મંડળીના કર્મચારી નરેશભાઈ ધુળાભાઈ પ્રજાપતી તેમના ઘેર આવેલા અને જણાવેલ કે મંડળીના મકાનમાં લગાવેલ લોક તુટેલુ છે. અને ચોરી થયા હોવાનું લાગે છે. જેથી સેક્રેટરી જશુભાઈ ગોવાભાઈ પટેલ મંડળીમાં આવેલ અને ત્યાં જોતા લોખંડની જાળીના દરવાજા ઉપર લગાવેલ તાળુ તુટેલ હતુ. જે સમયે મંડળીના બીજા કર્મચારીઓ અને ગ્રાહકો આવતા અંદર જઈ જોતા વેચાણ રૂમના દરવાજા ઉપરનો નકુચો તુટેલ હતો અને રૂમની અંદર વેચાણ ક્લાર્કનું ટેબલના ડ્રોઅર તથા તિજોરીના દરવાજા ખુલ્લા હતા તથા ફાઈલો, જરૂરી કાગળો તથા બીજી ઓફીસની ચીજવસ્તુઓ વેર વિખેર પડેલ હતી. જેથી ઉપરના માળે સેક્રેટરીની ઓફીસ અને મીટીંગ હોલમાં તપાસ કરતા તેના દરવાજાના નકુચા પણ તુટેલા હતા અને સેક્રેટરીની ઓફીસ અને મીટીંગ હોલમાં બધુ વેર વિખેર પડેલુ હતુ.

દૂધ મંડળીમાં ચોરી થયા હોવાનું જણાઈ આવેલ. જેથી સેક્રેટરીએ દૂધ મંડળીના ચેરમેન રમેશભાઈ જેઠાભાઈ પટેલ તથા વા. ચેરમેન જશુભાઈ રેવાભાઈ પટેલને ચોરી અંગે જાણ કરેલ જેથી તે આવતા તીજોરી ચેક કરતાં અંદર મુકેલ દૂધ મંડળીની રકમ હતી નહી. અને વેચાણ ક્લાર્ક ઈશ્વરભાઈના રૂમમાં મુકેલ તીજોરીમાંની રકમ પણ ન હતી. જેથી સેક્રેટરીના રૂમમાંથી આશરે ૨૫ હજાર તથા વેચાણ ક્લાર્કના રૂમમમાંથી અંદાજે ૩૦ હજારની ચોરી થયેલા હોવાનું જણાઈ આવેલ જેથી દૂધ મંડળીના સેક્રેટરીએ દૂધ મંડળીમાંથી રૂ. ૫૫ હજારની ચોરી થયા અંગે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

જેથી ખેડબ્રહ્મા પી.એસ.આઈ. એ.વી. દેસાઈએ ઈપીકો કલમ ૪૫૭, ૩૮૦ મુજબ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

# અરવલ્લી જિલ્લા પોલીસ તંત્રનું ચીરહરણ કરતા ઘરફોડિયા

## મોડાસાના મેઘરજ રોડ પર આવેલી ૨ રહેણાંક સોસાયટીના પાંચ મકાનના તાળાં તૂટ્યા : લાખ્ખો રૂપિયાની ચોરીને અંજામ


અરવલ્લી, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી તસ્કરરાજ ચાલી



રહ્યું છે. મોડાસાના મેઘરજ રોડ પર આવેલી રઘુકુલ સોસાયટી અને પંચવટી સોસાયટીમાં શુક્રવારે રાત્રીના પાંચ મકાનોના તાળાં તોડી સોના-ચાંદીના દાગીના સહીત રોકડ રકમની લાખ્ખો રૂપિયાની ચોરી કરી તસ્કરો ફરાર થયી ગયા હતા. શહેરમાં ચોરીના સમાચાર મળતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. એક જ રાતમાં ૫ મકાનોના તાળાં તૂટતાં શહેરમાં ભય ફેલાયો હતો અને પોલીસતંત્રની નબળી કામગીરીથી મોડાસામાં તસ્કરો માજા મુકતા લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મોડાસા શહેરની છેવાડાની સોસાયટીઓ તસ્કર ટોળકી અને ઘરફોડો ચોરો માટે સ્વર્ગ સમાન હોય અને પોલીસની ખાખી વર્દીનો ભય જ ન હોય તેમ છાસવારે છેવાડાની સોસાયટીઓમાં ત્રાટકી ચોરીની ઘટનાને અંજામ આપી રહ્યા છે અને પોલીસતંત્ર નિષ્ફળતા છુપાવવા ચોરી લૂંટની ઘટનાઓની ફરિયાદ લેવામાં આનાકાની કરી રહી હોવાનું ચોરીનો ભોગ બનેલા લોકો જણાવી રહ્યા છે. મોડાસા શહેરના મેઘરજ રોડ પર આવેલી રઘુકુલ અને પંચવટી નામની રહેણાંક સોસાયટીમાં શુક્રવાર રાત્રીના સમયે તસ્કરો ત્રાટકી ૫ મકાનોને નિશાન બનાવી લાખ્ખો રૂપિયાના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ લઈ રફુચક્કર થઈ જતા સવારે લૂંટારુ ટોળકીએ ચોરીની ઘટનાને અંજામ



આપ્યો હોવાનું ખબર પાડતાં ભયનો માહોલ ફેલાયો હતો. તસ્કર ટોળકીએ ગરમ રહેલ કબાટો અને તિજારી તોડી ઘટનાને અંજામ આપ્યો હતો. મોડાસા શહેરમાં શનિવારે સવારે બંને સોસાયટીના પાંચ મકાનોના તાળાં તૂટ્યા હોવાની જાણ થતા લોકોમાં ભય ફેલાયો હતો અને પોલીસતંત્ર દ્વારા રાત્રીના સમયે શહેરની છેવાડા વિસ્તારની સોસાયટીઓમાં પેટ્રોલિંગ સઘન બનાવવા અને તસ્કર ટોળકીને ઝડપી પાડવા માટે ઝડપી કાર્યવાહી કરવામાં આવેની માંગ પ્રબળ બની હતી.

# વાલ્લા ગામ અને પ્રાથમિક શાળાનું યશ ગૌરવ

નડીઆદ, તા. ૨૬

નડીઆદ તાવલુકાની વાલ્લા પ્રાથમિક શાળાના ઉપાચાર્ય હિતેશકુમાર બ્રહ્મભટ્ટ એ.એમ.એ. સ્મૃતિભેટ અને રોકડ રૂ. ૨૫ હજારનો સમાવેશ થાય છે.

હિતેશકુમાર બ્રહ્મભટ્ટ વાલ્લા શાળામાં મારો વર્ગ-એ જ સ્વર્ગના



(રાજ્યકક્ષા) શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું છે. અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન (એએમએ) દ્વારા છેલ્લા ૧૩ વર્ષથી અપાતાં આ પારિતોષિકમાં પ્રથમવાર જ ખેડા જિલ્લાનું ખમીર ઝળકાવી આ પારિતોષિક પ્રાપ્ત કરી હિતેશકુમાર બ્રહ્મભટ્ટે વાલ્લા પ્રાથમિક શાળા-ગામ, તાલુકો અને સમગ્ર ખેડા જિલ્લાનું યશ ગૌરવ વધાર્યું છે. નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન, નવી દિલ્હીના ચેરમેન ડૉ. સંતોષ મેથ્યુના વરદ હસ્તે અમદાવાદ ખાતે અર્પણ કરાયેલ આ પારિતોષિકમાં એક સન્માનપત્ર, ધ્યેયમંત્ર સાથે સતત કાર્યરત છે. શ્રાવણ સંસ્કાર પર્વ, જળ સંસ્કાર પર્વ, પર્યાવરણ સંસ્કાર પર્વ દ્વારા વિદ્યાર્થીઓમાં મૂલ્યલક્ષી શિક્ષણમાં સફળ-સરળ આયોજન કર્યા છે. શાળામાં ૫૧ ઔષધિય વનસ્પતિઓનો ઉછેર કરીને પર્યાવરણ લીલુછમ બનાવ્યું છે. જીવનામૃત રસ સેવન-સ્વાઈન ફલુ ઉકાળા સેવનની પ્રેરક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ અને જનસમાજની આરોગ્ય સુખાકારી માટે સદા પ્રયત્નશીલ બન્યા છે. ૧૦૦ ટકા આધારકાર્ડ ધરાવતુ વાલ્લા ગામ બનાવી અને વિવિધ નિદાન યજ્ઞો યોજી ગ્રામ્ય સમાજને ઉપકારક બન્યા છે. અનેકતવિધ શૈક્ષણિક સામાજિક શૈક્ષણિક પ્રવૃત્તિઓ થકી શાળાનું પ્રાંગણ સદા ધબકતુ રાખ્યુ છે. વાંચે ગુજરાત અભિયાન સમયે રૂ. ૧૦,૨૯૬ના સ્વખર્ચે ૫૦૧ પ્રેરક પુસ્તકો વિવિધ શાળા અને સંસ્થાઓમાં અર્પણ કર્યા છે. જેની નોંધ ગુજરાતના શિક્ષણ વિભાગે પણ લીધી છે. તેઓ દ્વારા લિખિત, સર્જિત, દિગ્દર્શિત ૭ શૈક્ષણિક કાર્યક્રમો દૂરદર્શન અને બાયસેગના માધ્યમથી રાજ્યભરમાં પ્રદર્શિત થઈ રહ્યા છે.

સવિશેષ, ભૂલાતી લોકકલા પૂતળીકલાને શિક્ષણમાં સાંકળીને ૧૮૪૪ જેટલા સફળ પ્રયોગ ૬,૫૧,૩૧૪ વિદ્યાર્થીઓ અને જનસમાજ સામે રજુ કરીને લોક શિક્ષણનું ઉમદા કાર્ય કર્યુ છે. 'લોકકલા દ્વારા લોક જાગૃતિ' તેઓની અને વાલ્લા શાળાની રાજ્યભરમાં આગવી ઓળખ બની છે.

# પ્રાંતિજ ખાતે જૈન શ્વેતાંબર સમાજ દ્વારા પર્યુષણ પર્વનું રંગે ચંગે સમાપન



પ્રાંતિજ, તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘ તેમજ સ્થાનકવાસી જૈન સમાજના લોકોએ પયુંષણ મહા પર્વનું હર્ષોલ્લાસભેર સમાપન કર્યુ હતું અને તપસ્વીઓએ પારણા કરીને પર્વ અંતર્ગત કરેલ તપ આરાધના પૂર્ણ કરી હતી અને સૌને મીચ્છામી દુકકડમ પાઠવ્યા હતા.

પ્રાંતિજ ખાતે જૈન શ્વેતાંબર સમાજના ભાઈ-બહેનો દ્વારા પારણા બાદ તપસ્વીનો વાજતે ગાજતે ઢોલ-નગારાં સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં તપસ્વી હર્ષિલ નયનભાઈ દેસાઈને કારની સજાવટ કરી કારમાં બેસાડીને શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં અહિંસા પરમોધર્મ અને શ્રમાપનના માર્ગ ઉપર ચાલનાર જૈન સમાજના લોકો પયુંષણ પર્વ નિમિત્તે ભકિત ભાવમાં તરબોળ બની ગયા હતા. અને જૈન સમાજના પ્રમુખ સહિત સમાજના ભાઈ-બહેનો સહિત સગાસંબંધીઓ મોટી સંખ્યામાં શોભાયાત્રામાં જોડાયા હતાં.

# પ્રાંતિજ ખાતે સ્વપંચ ઋષિ બાપાનો ૬૧મો વરઘોડો નિકળ્યો

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ગલેચી ભાગોળ વિસ્તારમાં આવેલ




સ્વપચ ઋષિ મંદિરથી પૂ. સ્વપચ ઋષિ બાપાનો ૬૧મો વરઘોડો નિકળ્યો હતો.

પ્રાંતિજ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વપચ ઋષિ સમાજ દ્વારા રૂષિપંચમીનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં ભાદરવા સુદ-૫ ને તા.૨૬-૮-૨૦૧૭ ને શનિવારના રોજ ઋષિ મંદિરથી બપોરના સમયે ઋષિ બાપાનો પાલખી સ્વરૂપે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જેમાં ભકતોના ઘરે ઘરે પધરામણી કરાવવામાં આવી. ભકતો દ્વારા આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. જયારે વિશ્વ હિન્દુ પરિષદ તથા બંજરગ દળના કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યાં હતા. પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા રૂષિ સમાજના હજારો લોકો મોટી સંખ્યામાં વરઘોડામાં ઉપસ્થિત રહ્યાં હતા.